## (1) આર્થિક રિકવરીના વિવિધ આકાર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) Z–આકારની રિકવરી સૌથી નકારાત્મક હોય છે.
(2) V–આકારની રિકવરીમાં અર્થતંત્ર પડયા પછી ઝડપથી ઊભું થાય છે.
(3) U–આકારની રિકવરીમાં અર્થતંત્ર પડયા પછી થોડા સમય સુધી નીચા વિકાસ દરે રહે છે.
(4) L–આકારની રિકવરીમાં અર્થતંત્ર તેનું જૂનું GDPનું સ્તર ઘણાં વર્ષો સુધી પણ મેળવી શકતું નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ આર્થિક રિકવરી જુદા–જુદા પ્રકારે થઈ શકે છે. સામાન્ય રીતે તેને અંગ્રેજી મૂળાક્ષરોના આકાર દ્વારા દર્શાવવામાં આવે છે. દા.ત. Z–આકારની રિકવરી, V–આકારની રિકવરી વગેરે.

⇛ આ પૈકી કેટલાંક વિશેની સામાન્ય માહિતી આ મુજબની છે.

- Z–આકારની રિકવરી : તે સૌથી હકારાત્મક પ્રકાર છે જેમાં અર્થતંત્ર પડયા પછી ઝડપથી ઊભરે છે. અહીં, સામાન્ય વિકાસ પર સ્થિર થતાં પહેલાં પણ તે વધુ ઝડપે વિકસે છે આથી તેનો ચાર્ટ Z–આકારનો દેખાય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)
- V–આકારની રિકવરી : તે દ્વિતીય સૌથી સારો પ્રકાર છે જેમાં અર્થતંત્ર પડયા પછી ઝડપથી પોતાનો સામાન્ય વિકાસ દર ફરી પ્રાપ્ત કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- U–આકારની રિકવરી : આ એવો પ્રકાર છે જેમાં અર્થતંત્ર પડયા પછી થોડા સમય સુધી નીચા વિકાસ દરે રહે છે અને ત્યારબાદ ક્રમશઃ પોતાનો વિકાસદર મેળવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- W–આકારની રિકવરી : તે એક ખતરારૂપ પ્રકાર છે. જેમાં અર્થતંત્ર પડયા પછી વિકસે છે પરંતુ સામાન્ય દરે પહોંચતા પહેલાં ફરીથી એકવાર પડે છે અને W–આકારનો ચાર્ટ બનાવે છે.
- L–આકારની રિકવરી : આ પ્રકારની રિકવરીમાં અર્થતંત્ર તેનું જૂનું GDPનું સ્તર ઘણાં વર્ષો પછી પણ મેળવી શકતું નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સંસ્થા (NTCA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક વૈધાનિક સંસ્થા છે.

(2) તે એક સ્વતંત્ર સંસ્થા છે અને કોઈપણ મંત્રાલય હેઠળ તે આવતી નથી.

(3) તેની સ્થાપના 'ટાઈગર ટાસ્ક ફોર્સ'ની ભલામણ હેઠળ કરવામાં આવી હતી.

(4) તેની રચના વન સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સંસ્થા (NTCA) દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારતમાં વાઘની સંખ્યાનો સ્વસ્થ વાર્ષિક વિકાસ દર જોવા મળ્યો છે. આ દર 6% છે.

⇛ NTCA એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ NTCA પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ટાઈગર ટાસ્ક ફોર્સની ભલામણ મુજબ તેની સ્થાપના વર્ષ 2005માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેની રચના વન સંરક્ષણ અધિનિયમ, 1972ની જોગવાઈ હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વાઘ સંરક્ષણને મજબૂત બનાવવા તથા NTCAને સત્તા અને કાર્યો સોંપવા માટે વર્ષ 2006માં ઉપરોક્ત અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) કોલ ઈન્ડિયા લિમિટેડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે વિશ્વની એકલ સૌથી મોટી કોલ ઉત્પાદક કંપની છે.
(2) તે ભારતના કુલ કોલસાના ઉત્પાદન પૈકી આશરે 83% કોલસાનું ઉત્પાદન કરે છે.
(3) તેનું વડુમથક ઓડિશામાં આવેલું છે.
(4) તે એક નવરત્ન કંપની છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કોલ ઈન્ડિયા લિમિટેડ એક મહારત્ન કેન્દ્ર સરકારની જાહેર ક્ષેત્રની કંપની છે જેની સ્થાપના નવેમ્બર 1975માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તે વિશ્વની સૌથી મોટી એકલ કોલ ઉત્પાદક કંપની છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે ભારતના આશરે 83% કોલસાનું ઉત્પાદન કરે છે અને પ્રાથમિક વ્યવહારુ ઊર્જા માંગ માટેની 40% માંગને સંતોષે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનું વડુંમથક પશ્ચિમ બંગાળના કોલકાતામાં આવેલું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કંપનીનું નિયમન તથા તેનો કાર્યભાર કોલસા મંત્રાલય દ્વારા સંભાળવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક (Environmental Performance Index), 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ભારતનો ક્રમ 168મો આવ્યો છે.

(2) ભારતને 100માંથી માત્ર 27.6 ગુણ મળેલાં છે.

(3) દક્ષિણ એશિયાના દરેક દેશનો ક્રમ ભારતથી આગળ આવ્યો છે.

(4) આ સૂચકાંકમાં ડેનમાર્કનો પ્રથમ ક્રમ આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક-2020 જાહેર થયો છે.

⇛ આ અંતર્ગત 180 દેશોમાંથી ભારતનો ક્રમ 168મો આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2018માં ભારતનો ક્રમ 177મો હતો.

⇛ આ વર્ષે ભારતને 100માંથી માત્ર 27.6 ગુણ મળેલાં છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ દક્ષિણ એશિયાના દેશોમાં અફઘાનિસ્તાન સિવાય અન્ય દરેક દેશનો ક્રમ ભારત કરતાં આગળ આવ્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સૂચકાંક મુજબ ટોચના દેશો આ મુજબ છે :

1. ડેનમાર્ક   2. લક્ષમબર્ગ

3. સ્વિત્ઝર્લેન્ડ   4. યુનાઈટેડ કિંગડમ

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અમેરિકાનો ક્રમ અન્ય વિકસિત દેશો કરતાં પાછળ રહયો છે અને તે 24માં સ્થાને રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) પર્યાવરણ પ્રદર્શન સૂચકાંક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ સૂચકાંક દર 2 વર્ષે બહાર પાડવામાં આવે છે.
(2) આ સૂચકાંકમાં પર્યાવરણીય સ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમની મજબૂતી સહિત 32 પ્રદર્શન માપદંડ અને 11 કેટેગરી મુજબ 180 દેશના પ્રદર્શનનું માપ કરવામાં આવ્યું છે.
(3) આ સૂચકાંક યેલ યુનિવર્સિટી (Yale) અને કોલંબીયા યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
(4) દેશની નીતિઓના પર્યાવરણીય પ્રદર્શનને તે આંકડાકિય રીતે દર્શાવવાની એક પ્રદ્ધતિ છે.

(A) માત્ર (1), (2) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં પર્યાવરણ પ્રદર્શન સૂચકાંકની 12મી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

⇒ આ સૂચકાંક દર બે વર્ષે બહાર પડે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ સૂચકાંકમાં 180 દેશોને 32 પ્રદર્શન માપદંડ અને 11 કેટેગરી મુજબ ક્રમ આપવામાં આવે છે જેમાં પર્યાવરણીય સ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમની મજબૂતીનો પણ સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ તે દેશની નીતિઓના પર્યાવરણીય પ્રદર્શનને આંકડાકીય રીતે દર્શાવવાની એક પદ્ધતિ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ સૂચકાંક બનાવનાર / વિકસાવનાર સંસ્થાઓ :
- યેલ યુનિવર્સિટી (Yale)
- કોલંબીયા યુનિવર્સિટી
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (સાથ–સહકાર)
- જોઈન્ટ રિસર્ચ સેન્ટર, યુરોપિયન કમિશન (સાથ–સહકાર)

(આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT